# સે. ૩-ડી રામેશ્વર મંદિરમાં આનંદનો ગરબો યોજાયો



જય અંબેમાં જય બહુચરમાંની અસીમ કૃપાથી માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો ભક્તજન દ્વારા સે. ૩-ડી રામેશ્વર મંદિરમાં તા. ૨-૮-૨૦૨૩ને બુધવારના રોજ સમય બપોરે ૨ થી ૫ કલાકે આનંદનો ગરબો યોજાઈ ગયો. જેમાં સર્વે ભાવિ ભક્તોએ આનંદના ગરબામાં ભાગ લીધો હતો.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં**

# ત્રીજી ઓગસ્ટે રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી પંચમહાલ જિલ્લામાં કરાશે

ગાંધીનગર,તા.૦૨

રાજયમાં પર્યાવરણના જતન અને નવીન વનોના નિર્માણ માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ નવતર અભિગમ દાખવીને રાજયના વિવિધ જિલ્લાઓમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કર્યુ છે.જે અતર્ગત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ૭૪માં રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી તા.૩જી ઓગસ્ટના રોજ પંચમહાલ જિલ્લામાં કરાશે.

પાવાગઢથી માત્ર ૬ કિલોમીટરના અંતરે જેપુરા ખાતે વિરાસત વનની બાજુમાં ૧.૧ હેકટર વિસ્તારમાં ગોધરા સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે વન કવચનું નિર્માણ કરાયું છે જેનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.મુખ્યમંત્રીની સાથે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ બાદ મહાનુભાવો વન કવચ સંકુલની મુલાકાત પણ લેશે. આ વેળા એ મંત્રી મુળુભાઈ બેરા, મંત્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર,રાજ્ય કક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ સહિત જીલ્લાના સાંસદ સભ્ય,ધારાસભ્યઓ અને પદાધિકારીઓ પણ જોડાશે. ભારત ઔષધી અને જડીબુટ્ટીઓની સમૃદ્ધિ ધરાવતો દેશ છે,જેમાં પાવાગઢ જેવી શક્તિપીઠ ખાતે મા મહાકાળીએ અઢળક ઔષધિઓ ખજાના સ્વરૂપે આપણને ભેટ આપી છે,જેની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નોંધ લીધી અને વર્ષ ૨૦૧૧માં રાજ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરી અને ''વિરાસત વન'' સ્વરૂપે સાંસ્કૃતિક વનની ભેટ આ પવિત્ર શક્તિપીઠના નાગરિકોને આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે દ્વારકા ખાતે નિર્માણ પામનાર સાંસ્કૃતિક વન-હરસિધ્ધિ વનનું ઈ- ખાતમુર્હુત, દીપડા ગણતરી પુસ્તિકાનું વિમોચન,ક્રોકોડાઈલ રેસ્કયુ સેન્ટર- પાવાગઢ અને ક્રાકજ એનિમલ કેર સેન્ટર-પાલીતાણાનું ઈ- લોકાર્પણ,નડાબેટ - બનાસકાંઠા ખાતે વરું સોફ્ટ રિલીઝ સેન્ટરનું ઈ - લોકાર્પણ તથા સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને સહાય ચેક વિતરણ કરાશે.

# આગામી ૧૬ ઓગષ્ટે ડાક અદાલત અને પેન્શન અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૨

ટપાલસેવાને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે સીનીયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિજન, ગાંધીનગર, સેક્ટર-૧૧ ખાતે તા. ૧૬-૮-૨૦૨૩ના રોજ ૩.૦૦ કલાકે ડાક અદાલત તેમજ ૪.૦૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અદાલતમાં ટપાલસેવાને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની ફરિયાદો સિનિ. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિજન, ગાંધીનગર, સેક્ટર-૧૧ને મોડામાં મોડી તા. ૯-૮-૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ફરિયાદ વિષયલક્ષી, સ્પષ્ટ અને ટૂંકમાં હોવી જોઈએ. નીતિવિષયક ફરિયાદોને ઉપરોક્ત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહી. તદુપરાંત, ફરિયાદની એક અરજીમાં એક કરતા વધુ મુદ્દા અથવા વિષય હોવા જોઈએ નહીં. ડાકઅદાલત અંતર્ગત માત્ર ગાંધીનગર શહેરની પોસ્ટ ઓફિસ સંબંધિત ફરિયાદ જ ધ્યાને લેવાશે તેવું નાયબ અધિક્ષક ડાકઘરની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# નારી ઉત્સવ વંદના કાર્યક્રમ








ગાંધીનગર,તા.૦૨

આજ રોજ મહીલા અને બાળ વિકાસ દ્વારા ''નારી વંદના ઉત્સવ? કાર્યક્રમ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિતે '' ગાંધીનગર ખાતે ""વસંત બા કુંવર બા હાઈસ્કૂલ સેકટર -૨૮ માં ઉજવણી કરવામાં આવી.જેમા હાઈસ્કૂલ ના પ્રિન્સીપાલ શ્રી, શિક્ષક ગણ, મહિલા પોલીસ સ્ટેશન જૈ, સખી વન સ્ટોપ સેન્ટર નો સ્ટાફ, મહિલા અને બાળવિકાસ અધિકારી.તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ હાજર રહ્યા હતા.૧૦/૧૧/૧૨ ની વિદ્યાર્થી ઓ, પોલીસ સ્ટાફ મળી ને રેલી કાઢવામાં આવેલ.તેમજ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ની વિસ્તૃત માહિતી આપવામાં આવી એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવી.

# રીટાબેન પટેલના હસ્તે મનોદિવ્યાંગ બાળકો માટે TLM કીટનું વિતરણ




ગાંધીનગર, તા.૦૨

ભારત સરકારની ADIP (Assistance to Disabled persons) સ્કીમ હેઠળ બૌદ્ધિક દિવ્યાંગ બાળકો માટે નેશનલ ઈન્સ્ટીટયુટ ફોર ધ એમ્પાવર મેન ઓફ પર્સન્સ વિથ ઈન્ટેલ એકચ્યુઅલ ડીસેબીલીટી (NIEPID) અંતર્ગત વિશેષ એજ્યુકેશન સેન્ટર કુડાસણ ગાંધીનગર દ્વારા વિનામૂલ્યે ૫૫ જેટલા મનોદિવ્યાંગ બાળકો માટે TLM કીટ વિતરણ કાર્યક્રમ આજે યોજાયો હતો જેમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના રીટાબેન પટેલ અને શહેરના મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે TLM કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓ દ્વારા પ્રાસંગિક પ્રવચન પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે TLM Kit દ્વારા વાલીઓ પોતાના મનોદિવ્યાંગ બાળકોને તાલીમ, એજ્યુકેશન તેમજ સ્પીચ માટેની તાલીમ ઘરે પણ આપી શકશે. એક કીટની અંદાજીત કિમત રૂ. ૧૦ હજાર જેટલી છે.

# બાળકો તેમજ મહિલાઓને પોષણક્ષમ આહાર આપવા રાજ્ય સરકારનો નિર્ધાર

ગાંધીનગર,તા.૦૨

વસુધૈવ કુટુમ્બકમ્ ના સંદેશ સાથે આ વર્ષે ભારત ૪૨૦ ની અધ્યક્ષતા કરી રહ્યું છે. ભારતે G20નું પ્રમુખપદ સંભાળ્યું ત્યારથી, સમગ્ર દેશમાં વિવિધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે G20 એમ્પાવર સમિટ યોજાઈ રહી છે. જેમાં મહિલા સશક્તિકરણ પર G20 મિનિસ્ટરીયલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ 'વિમેન લેડ ડેવલપમેન્ટ : એન્સ્યોરીંગ અ સ્સટેનેબલ, ઈક્લુઝીવ એન્ડ ઈક્વીટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ એન્ડ 'વિમેન-લેડ ઈક્લુઝીવ ડેવલપમેન્ટ એઝ કપ્સ ઓફ ઈન્ટર-જનરેશનલ ટ્રાન્સફોર્મેશન'' છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં G20ના પ્રમુખપદ હેઠળ, 'મહિલાની આગેવાની દ્વારા વિકાસ' કેવી રીતે થાય, તે ભારતની પ્રાથમિકતા રહી છે. મહિલા ૨૦ (W20) એન્ગેજમેન્ટ ગ્રુપનો ઉદ્દેશ્ય એક એવી દુનિયા બનાવવાનો છે જ્યાં દરેક મહિલા ગૌરવ સાથે જીવન જીવે અને અન્ય લોકોની સાથે તેના જીવનમાં પણ પરિવર્તન લાવે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા હેતુસર ગુજરાતમાં મહિલાઓ માટે અલાયદા મહિલા અને બાળ કલ્યાણ વિભાગની રચના કરી હતી. તેમણે ''બેટી બચાવો, બેટી પઢાઓ'' અને ''કન્યા કેળવણી'' જેવા મહત્વના અભિયાનોનો ગુજરાતમાં પ્રારંભ કરાવ્યો હતો.

જેને રાજ્યભરમાં બહોળો જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સુપેરે આગળ વધારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમોનો પરિણામલક્ષી અમલ કર્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય અને પોષણ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે, જેનો લાભ ગુજરાતની મહિલાઓ, કિશોરીઓ અને બાળકોને મળી રહ્યો છે. વડાપ્રધાનશ્રીનાં ?સહી પોષણ દેશ રોશન''નાં આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે પોષણલક્ષી અનેક નવતર આયામો હાથ ધર્યા છે. આમ સ્વસ્થ અને તંદુરસ્ત મહિલાઓ તેમજ સ્વસ્થ બાળકો દ્વારા તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય છે, એ બાબતનું મહત્વ સમજીને ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ તથા બાળકોના પોષણ અને સ્વાસ્થ્ય સંભાળ માટે અનેક સંવેદનશીલ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. જેનો લાભ છેવાડામાં વસતી મહિલાઓ તથા બાળકો લઈ રહ્યા છે.

# સાયન્સ સિટીની ગ્રાન્ડ ક્વિઝમાં બે હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા



ગાંધીનગર, તા. ૦૨

ગુજરાત સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી દ્વારા રાજયના જુદા જુદા જિલ્લાઓમાં ગ્રાન્ડ ક્વિઝ અને એક્સક્લુઝિવ ટ્રેનિંગ શરૂ કરવામાં આવી છે. જેના બીજા ચરણમાં ગાંધીનગર, મહેસાણા, ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓમાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જિલ્લાઓની ૮૦થી વધુ શાળાઓના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ક્વિઝમાં ભાગ લીધો હતો અને વિજ્ઞાન વિષય પ્રત્યે પોતાની રૂચિમાં વધારો કર્યો હતો. ક્વિઝમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ગુજરાત સાયન્સ સિટી તરફથી ખાસ પ્રકારની ટ્રેનિંગ આપવામાં આવશે.

આગામી ટૂંક સમયમાં ધોરણ-૭ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે તેમજ રાજયના અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારની ક્વિઝનું ગુજરાત સાયન્સ સિટી દ્વારા આયોજન કરવામાં આવશે.

# એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઉજવાયો 'ગ્રીન-ડે'



ગાંધીનગર, તા. ૨

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં તા. ૨૨ જુલાઈના રોજ 'ગ્રીન-ડે' ઉજવવામાં આવ્યો હતો, જે અંતર્ગત નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના બાળકો ગ્રીન કલરના ડ્રેસ પહેરીને તથા ગ્રીન કલરની વસ્તુઓ જેવીકે રમકડાં, શાકભાજી, ફળ, ફ્લાવર, બેગ, લંચબોક્સ, કંપાસ લઈને શાળાએ આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ગ્રીન કલરના વિવિધ શેડ વિષે માહિતી આપી, ફિંગર પ્રિન્ટની અને લીફ સ્ટિકિંગની એક્ટિવિટી કરાવી હતી. આ સાથે બાળકોએ શાળા દ્વારા આપવામાં આવેલા પ્રોજેક્ટ 'સેવ ધ અર્થ' અંતર્ગત પોતાના ઘરના પ્રાંગણમાં અને ફ્લેટની બાલ્કનીમાં પરિવાર સાથે મળીને વૃક્ષારોપણ કરી, લોકોમાં જાગૃતિ ફેલાવી, 'સેવ ધ અર્થ'નો એક સુંદર સંદેશ સમાજમાં વહેતો મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં વાલીમિત્રોનું પ્રદાન અને ઉત્સાહ નોંધનીય રહ્યા હતા.

# આઈઆઈટી ગાંધીનગરના અન્ડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં ૩૬૮ વિદ્યાર્થીઓ જોડાયા

**દેશના ૨૦ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાંથી વિદ્યાર્થીઓ જોડાયાં : ગુજરાતમાંથી ૬૪ વિદ્યાર્થીઓ જોડાયાં**

ગાંધીનગર, તા. ૨

ભારતીય રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાંથી કુલ ૩૬૮ વિદ્યાર્થીઓ આ વર્ષે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર ખાતે BTech અને BTech-MTech ડ્યુઅલ ડિગ્રી પ્રોગ્રામમાં જોડાયા છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર ૮૧ અને ત્યારબાદ ગુજરાત ૬૪, તેલંગણા ૫૧, રાજસ્થાન ૪૦, આંધ્રપ્રદેશ ૩૯, મધ્યપ્રદેશ ૨૧, ઉત્તર પ્રદેશ ૧૨, કર્ણાટક ૧૦, કેરળ ૧૦, દિલ્હી ૮ અન્યમાંથી જોડાયા છે. નવી બેચમાં ૭૦ વિદ્યાર્થીનીઓ છે.

સંસ્થાએ વિદ્યાર્થીઓની આવનારી બેચનું સ્વાગત કર્યુ અને ૧ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ તેમના પરિવારના સભ્યોની હાજરીમાં ઉદ્ઘાટન સત્ર સાથે તેનો ફ્લેગશિપ ફાઉન્ડેશન પ્રોગ્રામ (FP) શરૂ કર્યો. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રીમતી એની જોયસ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી અને ભારતમાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાના તેમના લાંબા અનુભવના આધારે 'Aadhaar Initiatives and the Technology Impact on the Nation-Touching Lives with Digital Transformation' વિષય પર રસપ્રદ વક્તવ્ય આપીને યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

**સરકારી વાણિજ્ય કોલેજ**

# ગાંધીનગરની વિદ્યાર્થીનો યુનિવર્સિટી કક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ



ગાંધીનગર,તા.૦૨

આઝાદી કા અમૃત મહોત્સવ ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી એન. એસ. એસ. સેલ દ્વારા યુનિવર્સિટી કક્ષાની વકૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધા નું આયોજન તારીખ ૩૧.૭.૨૦૨૩ ના રોજ એલ.ડી. આર્ટસ કોલેજ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માંથી આ સ્પર્ધામાં કોલેજ કક્ષાએ પ્રથમ આવેલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા અને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓની સાથે કોલેજના ફેકલ્ટી ડૉ. પારુલ દવે પણ વિદ્યાર્થીઓની સાથે રહ્યા હતા. આ સ્પર્ધામાં સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ની સેમેસ્ટર-૧ ની વિદ્યાર્થીની વ્યાસ હિમાની એ નિબંધ સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ. જે બદલ તેને ગુજરાત યુનિવર્સિટી દ્વારા ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ.એ.એન. સુતરીયા તેમજ સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ તેને બિરદાવવામાં આવી હતી.



વરસાદી ઋતુમાં શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યોના કારણે ક્યાંક ક્યાંક ભૂવા પડવાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

સેક્ટર-૨૨માં ૧૭/૨૨ નજીક ડ્રેનેઝ લાઈનમાં માટી બેસી જતાં એક ભૂવો સર્જાયો હતો જેને તંત્ર દ્વારા તુરંત જ કોર્ડન કરી તેની મરામતનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેથી કોઈ અકસ્માત કે અન્ય દુર્ઘટના સર્જાય નહી.

# પેથાપુરના રામદેવ પીરના મંદિરે સત્યનારાયણની સામુહિક કથા યોજાશે



ગાંધીનગર, તા. ૨

ગઈ કાલે અધિક માસની પૂર્ણિમાના પવિત્ર દિવસે ગાયત્રી સાધના પ્રચાર કેન્દ્રના પરિજનોએ રાત્રે ૮ થી ૧૧ દરમ્યાન પેથાપુરના રામદેવ પીર મંદિરે ભગવાનશ્રી સત્યનારાયણની સામુહિક કથાનું આયોજન કર્યુ હતુ. ૩૦૦ થી વધુ શ્રોતાઓમાં ૩૫ દંપત્તિઓએ આ પૂજા, શ્રવણમાં ભાગ લીધો હતો. કથાનું રસપાન મહેસાણા ગાયત્રી પરિવારના કથા વાચક ડૉ. મમતાબેન પંડીતે પોતાની આગવી શૈલીથી કરાવ્યું હતું. તેઓ પ્રજ્ઞાપુરાણ, શિવપુરાણ, ઓખાહરણ વગેરે કથાઓ દ્વારા સમાજમાં સતત સારા વિચારો ફેલાવવાનું કાર્ય કરતા રહે છે. સમાજને સત્યના આચરણ માટે સમજ આપતા તેઓએ જણાવ્યુ કે હીત-અહીતનું ધ્યાન રાખી, મીઠી વાણી સાથે સત્યનો પક્ષ રાખવો જોઈએ. દરેક કુટુંબમાં બાળકોને નાનપણથી જ નીડરતા સાથે સત્યના વિવેકયુક્ત પ્રયોગથી પ્રતિભા સંપન્ન બનાવવા જોઈએ. પ.પૂ. ગુરૂદેવ શ્રી રામ શર્મા આચાર્યજીએ કરેલ માર્ગદર્શન પ્રમાણે કથાની વાર્તા નહીં તેના સંદેશને ધ્યાનમાં રાખવા સમજાવ્યુ હતુ કે સત્યની તાકાતના ઉદાહરણો રાજા હરિચંદ્ર, રાજા યુધિષ્ઠિર, મહાત્મા ગાંધી વગેરે છે. મંદિરના ટ્રસ્ટી ગણ તથા સૌ રહેવાસીઓના આભાર સાથે કથાની પૂર્ણાહૂતિ થઈ હતી.

# દિવ્યાંગ કલાકારે ૬૫મી વાર રક્તદાન કરીને સ્થાપના દિન ઉજવ્યો



ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી આજે સૌ કોઈએ પોતપોતાની રીતે કરી હતી. શહેરની સેવાભાવી સંસ્થા હેપ્પી યુથ કલબ સાથે સંકળાયેલા અને દિવ્યાંગ ચિત્રકાર તેમજ લોક સાહિત્યના લોક ગાયક કલાકાર રાજુભાઈ શ્રીમાળી "રાજતરંગ" ઉર્ફે રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ શ્રીમાળીએ પોતાના જીવનનું ૬૫મું રક્તદાન પાટનગરની સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક ખાતે કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના લોકડાઉન દરમ્યાન શહેરના "ચ" માર્ગ પર વિધાનસભા સામે નાગરિકોને મહામારી સામે લડવા પ્રોત્સાહિત કરતું "કોરોના વેક્સીન મિસાઈલ"નું લાબું વિક્રમજનક ચિત્ર તૈયાર કરવામાં રાજુભાઈ શ્રીમાળીની પણ મહત્વની ભૂમિકા હતી.

# વિધાનસભાની ખાતરી સમિતિ જામનગર, દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે

ગાંધીનગર,તા.૦૨

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ દ્વારા તા.૯થી ૧૧મી ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન જામનગર, દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિનો આ અભ્યાસ પ્રવાસ તા.૯મી ઓગસ્ટના રોજ બુધવારે સવારે ૭ કલાકે સદસ્ય નિવાસ, ગાંધીનગરથી શરૂ થશે. જેમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ચાંગોદર / મોરૈયા, લીમડી સિક્સ લેન તેમજ કુવાડવા ફ્લાય ઓવરબ્રિજ સહિતના પૂર્ણ તથા પ્રગતિ હેઠળના વિવિધ પ્રોજેક્ટ, જામનગર તાલુકાના રસ્તાઓનું નિરીક્ષણ, જામનગરથી જામખંભાળિયા તાલુકાના રસ્તાઓનું નિરીક્ષણ કરવામાં આવશે તેમ ગુજરાત વિધાનસભા સચિવાલયના નાયબ સચિવની યાદીમાં જણાવાયુ છે.